BCCI રેડ અને વ્હાઈટ બોલમાં અલગ-અલગ હેડ કોચ રાખવાના મૂડમાં!!

બીસીસીઆઇની નવી વ્યુહરચના હેઠળ સંભવતઃ ગૌતમ ગંભીર ટેસ્ટ ટીમનું કોચિંગ નહીં કરે

ઓસ્ટ્રેલિયા સામેની બીજીટી સીરિઝના પરિણામ પછી બીસીસીઆઇ નવી વ્યુહરચના અપનાવશે

મુંબઈ, તા. 10 : ટી-20 ક્રિકેટ વર્લ્ડકપ જીત્યા બાદ ટીમ ઈન્ડિયાએ ટેસ્ટ મેચમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ભારતે બાંગ્લાદેશને 3-0થી હરાવીને સીરિઝ જીતી હતી. જો કે, આ પછી ભારતે ન્યૂઝીલેન્ડ સામે ઘરઆંગણેની ટેસ્ટ સીરિઝમાં શરમજનક પ્રદર્શન કર્યું હતું અને મુલાકાતી ટીમે યજમાન ટીમનો વ્હાઈટવોશ કર્યો હતો. કિવીઓએ 24 વર્ષ બાદ ભારતીય ટીમને તેની ધરતી પર હરાવ્યું હતું. આ હાર સાથે ભારતીય ધરતી પર સતત 12 વર્ષ સુધી એકપણ ટેસ્ટ સીરિઝ ન હારવાનો રેકોર્ડ પણ તૂટી ગયો હતો અને તેને પગલે હવે બીસીસીઆઇ ત્રણેય ફોર્મેટ માટે અલગઅલગ કોચની વ્યુહરચના બનાવી રહ્યાના એંધાણ મળ્યા છે.

ટીમની આ મોટી હાર બાદ ભારતીય ક્રિકેટમાં ભૂકંપ આવી ગયો છે. સિનિયર ખેલાડીઓ પર સવાલો ઉઠી રહ્યા છે. ટીમ સિલેક્શન અને કોચિંગને લઈને પણ સવાલો પૂછવામાં આવી રહ્યા છે. ભારતે આ મહિને ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરવાનું છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (ડબલ્યુટીસી)ની ફાઈનલમાં પહોંચવા માટે, ભારતને પાંચ મેચોની સીરિઝમાં ઓસ્ટ્રેલિયાને 4-0થી હરાવવું પડશે. દેખીતી રીતે, ટીમ ઈન્ડિયા આ સિદ્ધિ શકશે કે કેમ તે અંગે શંકાઓ છે

જો કે, આ દરમિયાન એક મોટા સમાચાર સામે આવ્યા છે. સૂત્રોને ટાંકીને, અહેવાલ છે કે બીસીસીઆઇ અલગ-અલગ ફોર્મેટ માટે અલગ-અલગ હેડ કોચની યોજના બનાવી રહ્યું છે.

જો બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ભારત સફળ નહીં થાય તો ટેસ્ટ, ટી-20 અને વન ડે માટે અલગ-અલગ કોચની નિમણૂક કરવામાં આવશે. ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં બીસીસીઆઈએ ક્યારેય સફેદ બોલ અને લાલ બોલની ટીમો માટે અલગ-અલગ કોચની નિમણૂક કરી નથી. સંભવતઃ કિવી સામેની મોટી હાર આ નિર્ણયનું મુખ્ય કારણ હોવાનું કહેવાય છે. આ અંગેનો નિર્ણય બીડીટી બાદ જ લેવામાં આવશે.

પૂર્વ ભારતીય ક્રિકેટર વીવીએસ લક્ષ્મણને દક્ષિણ આફ્રિકા પ્રવાસ માટે ટીમ ઈન્ડિયાના કોચ બનાવવામાં આવ્યા છે. ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીર ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જવાના છે. આવી સ્થિતિમાં લક્ષ્મણને સફેદ બોલની ટીમનો કોચ બનાવવામાં આવ્યો છે. લક્ષ્મણની સાથે નેશનલ ક્રિકેટ એકેડમી સાથે સંકળાયેલા સાઈરાજ બહુતુલે, હૃષિકેશ કાનિટકર અને સુભદીપ ઘોષ સપોર્ટિંગ સ્ટાફ તરીકે ટીમ સાથે છે. બહુતુલે તાજેતરમાં ઈમર્જિંગ એશિયા કપ માટે ભારત A ના મુખ્ય કોચ હતા. જ્યારે, કાનિટકર બેટિંગ કોચ હતા અને સુભદીપ ઘોષ ફિલ્ડિંગ કોચ હતા.

કોકો ગોએ પહેલીવાર WTA ફાઇનલ્સ ટાઇટલ જીત્યું

સેરેના પછી WTA ફાઇનલ્સ ટાઇટલ જીતનારી કોકો ગો પહેલી અમેરિકન અને સૌથી યુવા ખેલાડી

ડબલ્સમાં કેનેડાની ગેબ્રિએલા ડાબ્રોવસ્કી અને ન્યુઝીલેન્ડની એરિન રોલિફે ટાઈટલ જીત્યું

રિયાધ, 10 નવેમ્બર (એપી) અમેરિકાના યુવા ટેનિસ સ્ટાર કોકો ગેફે ઓલિમ્પિક ચેમ્પિયન ઝેંગ કિઆનવેનને 3-6, 6-4, 7-6 થી હરાવીને પ્રથમ વખત WTA ફાઇનલ્સ જીતી હતી. વીસ વર્ષિય ગો પ્રથમ સેટમાં 3. 5થી પાછળ પડીને પહેલો સેટ ગુમાવ્યા પછી મેચમાં વાપસી કરીને જીતી હતી.

2014માં સેરેના વિલિયમ્સ બાદ આ ટાઇટલ જીતનારી તે પ્રથમ અમેરિકન ખેલાડી છે. તેને ઇનામ તરીકે 48 લાખ ડોલર મળ્યા હતા. તે મારિયા શારાપોવા (2004) પછી ખિતાબ જીતનારી સૌથી નાની વયની ખેલાડી પણ છે. ગોએ ફાઇનલમાં પ્રવેશતા પહેલા ટોચના ક્રમાંકિત આર્યના સબાલેન્કા અને ઇગા સ્વીટેકને હરાવી હતી.

ઝેંગ એક સીઝન પૂર્ણ કરવા માંગતી હતી જેમાં તેણી ઓસ્ટ્રેલિયન ઓપનમાં પ્રથમ વખત ગ્રાન્ડ સ્લેમ ફાઇનલમાં પહોંચી અને ચીનને પ્રથમ ઓલિમ્પિક ટેનિસ સિંગલ્સ ગોલ્ડ મેડલ અપાવ્યો.

ડબલ્સ કેટેગરીમાં કેનેડાની ગેબ્રિએલા ડાબ્રોવસ્કી અને ન્યુઝીલેન્ડની એરિન રાઉટલિફે ચેક રિપબ્લિકની કેટેરીના સિનિયાકોવા અને યુનાઇટેડ સ્ટેટ્સની ટેલર ટાઉનસેન્ડને 7-5, 6-3થી હરાવીને ચેમ્પિયન બની હતી. આ બંને કેનેડા અને ન્યુઝીલેન્ડના પ્રથમ ખેલાડી છે જેમણે ડબલ્સ ટાઇટલ જીત્યું હોય.

ભારત સામેની પ્રથમ ટેસ્ટ માટે ઓસ્ટ્રેલિયન ટીમમાં ઈંગ્લિસ અને મેકસ્વીની સામેલ

હેરિસ, બેનક્રોફ્ટ અને કોન્સ્ટાસને સ્થાને સામેલ નાથન મેકસ્વીની ખ્વાજા સાથે ઈનિંગની શરૂઆત કરશે

એલેક્સ કેરીના બેકઅપ વિકેટકીપર તરીકે સામેલ જોશ ઈંગ્લીશ પણ ટેસ્ટ ટીમમાં નવો ચહેરો

સિડની, તા. 10 (પીટીઆઇ) : ભારત વિરૂદ્ધ બોર્ડર ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટમાં પહેલીવાર ટીમમાં સમાવાયેલો નાથન મેકસ્વીની ઉસ્માન ખ્વાજા સાથે ઈનિંગની શરૂઆત કરશે, જ્યારે જોશ ઈંગ્લિસને પણ પ્રથમ વખત ટેસ્ટ ટીમમાં સ્થાન મળ્યું છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ 22 નવેમ્બરથી પર્થમાં શરૂ થઈ રહેલી પાંચ ટેસ્ટ મેચની સીરિઝ માટે આ બે નવા ચહેરાઓને ટીમમાં સામેલ કર્યા છે. મેકસ્વીનીની પસંદગી ડેવિડ વોર્નર અને રિકી પોન્ટિંગ દ્વારા કરવામાં આવી હતી. તેને માર્કસ હેરિસ, કેમેરોન બેન્ક્રોફ્ટ અને સેમ કોન્સ્ટાસ પર પ્રાથમિકતા આપવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયન પસંદગી સમિતિના વડા જ્યોર્જ બેઈલીએ કહ્યું કે, અમે નાથનની રમતથી ખૂબ જ ઉત્સાહિત છીએ. છેલ્લા દોઢ વર્ષમાં તેની રમતમાં ઘણી પરિપક્વતા આવી છે. તેને ટેસ્ટ ક્રિકેટ ગમશે કારણ કે તે શાનદાર રીતે રમે છે.

25 વર્ષીય મેકસ્વીનીએ છેલ્લા કેટલાક વર્ષોમાં શેફિલ્ડ શિલ્ડમાં સતત પ્રદર્શન કર્યું છે અને ભારત સામે A ટીમની મેચમાં કેપ્ટન અને બેટ્સમેન તરીકે પણ પ્રભાવિત કર્યા છે. એલેક્સ કેરીના બેકઅપ વિકેટકીપર તરીકે ઈંગ્લિસનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેણે શેફિલ્ડ શિલ્ડમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું છે.

પ્રથમ ટેસ્ટ માટે ઓસ્ટ્રેલિયન ટીમઃ પેટ કમિન્સ (કેપ્ટન), સ્કોટ બોલેન્ડ, એલેક્સ કેરી, જોશ હેઝલવૂડ, ટ્રેવિસ હેડ, જોશ ઈંગ્લિસ, ઉસ્માન ખ્વાજા, માર્નસ લાબુશેન, નાથન લિયોન, મિશેલ માર્શ, નાથન મેકસ્વીની, સ્ટીવન સ્મિથ, મિચેલ સ્ટાર્ક.

પાકિસ્તાને અંતિમ મેચમાં ઓસ્ટ્રેલિયાને હરાવી 22 વર્ષે ત્યાં વનડે સીરિઝ જીતી

કેપ્ટન કમિન્સ, સ્મિથ, હેઝલવુડ, સ્ટાર્ક અને લેબુશેન વિના ઓસ્ટ્રેલિયન ટીમ નિર્ણાયક વન ડે રમી

ઓસ્ટ્રેલિયાનો 140 રનમાં વિંટો વળ્યો, પાકિસ્તાને 2 વિકેટે લક્ષ્યાંક આંબી લઇને મેચ 8 વિકેટે જીતી



પર્થ, તા. 10 (એપી) : ત્રણ મેચની વન ડે સીરિઝની રવિવારે અહીં રમાયેલી નિર્ણાયક ત્રીજી વન-ડેમાં આઠ વિકેટથી જીત મેળવીને પાકિસ્તાને 2002 પછી ઓસ્ટ્રેલિયા સામે તેની પ્રથમ 50-ઓવરની સીરિઝ જીતી છે. પાકિસ્તાનના ઝડપી બોલિંગ આક્રમણ સામે ઓસ્ટ્રેલિયાની નબળી બેટિંગ લાઈન-અપ 31.5 ઓવરમાં 140 રનમાં આઉટ થઈ ગઈ હતી અને પાકિસ્તાને બે વિકેટે લક્ષ્યાંક આંબી લીધો હતો.

લક્ષ્યાંક આંબવા મેદાને ઉતરેલા પાકિસ્તાન માટે સૈમ અયુબે 42 અને અબ્દુલ્લા શફીકે 37 રન કરવાની સાથે પ્રથમ વિકેટ માટે 84 રનની શાનદાર ભાગીદારી કરીને મજબૂત પાયો નાખ્યો હતો. પરંતુ બંને એક જ ઓવરમાં લાન્સ મોરિસનો શિકાર બન્યા હતા. ત્યારબાદ બાબર આઝમ અને કેપ્ટન મહંમદ રિઝવાને 58 રનની નોટઆઉટ ભાગીદારી કરીને પાકિસ્તાનને જીત સુધી દોરી ગયા હતા. બાબરે 27મી ઓવરમાં એડમ ઝમ્પાની બોલ પર ચોગ્ગો ફટકારીને પાકિસ્તાનને જીત અપાવી હતી. પાકિસ્તાને 139 બોલમાં બે વિકેટે 143 રન બનાવીને જીત મેળવી હતી.

હોમ ટીમ કેપ્ટન પેટ કમિન્સ, સ્ટીવ સ્મિથ, જોશ હેઝલવુડ, મિચેલ સ્ટાર્ક અને માર્નસ લેબુશેન વિના રમી રહી હતી. આ તમામને 22 નવેમ્બરથી પર્થમાં શરૂ થઈ રહેલી ભારત સામેની પાંચ મેચની ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચની તૈયારી માટે આરામ આપવામાં આવ્યો હતો.

ઓસ્ટ્રેલિયા	રન	બોલ	4	6
શોર્ટ કો.ઇરફાન બો.રઉફ	22	30	1	0
મેકગર્ક કો.રિઝવાન બો.નસીમ	7	9	1	0
હાર્ડિ કો.સલમાન બો.આફિદી	12	13	2	0
ઈંગ્લીશ કો.રિઝવાન બો.નસીમ	7	19	1	0
કૂપર કિટાયર્ડ હર્ટ	7	16	0	0
સ્ટોઇનિસ કો.રિઝવાન બો.હસનૈન	8	25	1	0
મેક્સવેલ કો.અયુબ બો.રઉફ	0	2	0	0
અબોટ કો.રઉફ બો.આફિદી	30	41	2	1
ઝમ્પા કો.અયુબ બો.નસીમ	13	22	1	0
સ્પેન્સર જોહન્સન નોટઆઉટ	12	12	2	0
મોરિસ બો.આફિદી	0	2	0	0
વધારાના	22			
કુલ (31.5 ઓવરમાં ઓલઆઉટ)	140			

વિકેટપતન : 1/20, 2/36, 3/56, 4/72, 4/79*, 5-/79, 6/88, 7/118, 8/140, 9/140

બોલિંગ	O	M	R	W
શાહિન આફિદી	8.5	1	32	3
નસીમ શાહ	9	0	54	3
મહંમદ હસનૈન	7	0	24	1
હારિસ રઉફ	7	1	24	2

પાકિસ્તાન	રન	બોલ	4	6
અયુબ બો.મોરિસ	42	52	4	1
શફીક કો.એન્ડબો.મોરિસ	37	53	1	1
બાબર નોટઆઉટ	28	30	4	0
રિઝવાન નોટઆઉટ	30	27	1	2
વધારાના	6			
કુલ (26.5 ઓવરમા બે વિકેટે)	143			

વિકેટપતન : 1/84, 2/85

બોલિંગ	O	M	R	W
સ્પેન્સર જોહન્સન	8	0	28	0
માર્કસ સ્ટોઇનિસ	3	1	11	0
સીન અબોટ	6	0	49	0
લાન્સ મોરિસ	6	0	24	2
એરોન હાર્ડિ	2	0	19	0
એડમ ઝમ્પા	1.5	0	10	0

સુડોકુ - ૨૬૦૩

૧	૭			૪	૫	૮		
	૬	૩			૮			૧
		૨				૬		
		૫	૨	૮		૭	૪	
	૩	૬	૪	૭	૧	૯		
					૩	૨	૧	૬
૬		૪	૭			૩	૮	
૩				૬		૫		
૭				૫				૪

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૩	૬	૭	૬	૬	૭	૨	૭
૭	૨	૬	૨	૩	૭	૬	૭	૬
૭	૭	૬	૨	૬	૭	૨	૬	૩
૩	૬	૨	૬	૭	૬	૭	૨	૭
૭	૬	૭	૬	૭	૨	૩	૬	૨
૭	૬	૭	૩	૨	૭	૬	૬	૭
૬	૭	૨	૭	૨	૭	૬	૭	૨
૬	૭	૨	૭	૨	૭	૭	૬	૭
૨	૬	૭	૬	૨	૩	૭	૭	૬

૨૬૦૩-ભ્ફ્ઇ કીડ્ફિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

અતિસાર

ઢીલા ઝાડા દિવસમાં ત્રણ થી વધુ થાય તો કાકડા શિંગ, લીંડી પીપર અને અતિવિષ દરેક સમભાગે લઈ બારીક વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તેમાંથી એક એક ગ્રામ ચૂર્ણ દિવસમાં ત્રણ વાર છાસ સાથે પીવું. રાત્રે પાણી સાથે લેવું.

મહિલા ACT હોકી : ભારતીય ટીમ ઘરઆંગણે ખિતાબ જાળવી રાખવા માગશે

ભારતીય ટીમ આ વર્ષની એફઆઇએચ પ્રો લીગમાં 16 માંથી 13 મેચ હારી હતી, માત્ર બે જીતી હતી અને એક ડ્રો રહી હતી

ભારતને વર્તમાન ઓલિમ્પિક્સ સિલ્વર મેડલિસ્ટ ચીન, જાપાન, કોરિયા, મલેશિયા અને થાઈલેન્ડના પડકારનો સામનો કરવો પડશે

રાજગીર (બિહાર), તા. 10 (પીટીઆઇ) : આખા વર્ષ દરમિયાન ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહેલી ભારતીય મહિલા હોકી ટીમ પોતાના ઘરઆંગણે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી (એસીટી)માં આવતીકાલે સોમવારે પ્રથમ મેચ નીચલા ક્રમાંકની મલેશિયાની ટીમ સામે મેદાનમાં ઉતરીને ટાઈટલ જાળવી રાખવાનું અભિયાન આરંભીને નવી ઓલિમ્પિક્સ સીઝનની શરૂઆત કરવા માગશે. અત્યાર સુધીમાં સાત વખત આયોજીત થયેલી આ ટૂર્નામેન્ટ ભારતે સિંગાપોર (2016) અને રાંચી (2023)માં જીતી છે. દક્ષિણ કોરિયાએ ત્રણ વખત અને જાપાને બે વખત ટાઈટલ જીત્યું છે. પેરિસ ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહેલી ભારતીય મહિલા હોકી ટીમ માટે આ એક નવી શરૂઆત છે, ભારતીય ટીમ આ વર્ષની એફઆઈએચ પ્રો લીગમાં 16 માંથી 13 મેચ હારી હતી, માત્ર બે જીતી હતી અને એક ડ્રો રહી હતી.

ભારતે સલીમા ટેટેની કપ્તાની હેઠળ એક મિશ્ર ટીમ ઉતારી છે જેમાં યુવા અને અનુભવી બંને ખેલાડીઓ છે. સ્ટ્રાઈકર નવનીત કૌર વાઈસ કેપ્ટન રહેશે. ભારતને વર્તમાન ઓલિમ્પિક સિલ્વર મેડલ વિજેતા ચીન, જાપાન, કોરિયા, મલેશિયા અને થાઈલેન્ડના પડકારનો સામનો કરવો પડશે.

ભારતીય સંરક્ષણની કમાન ઉદિતા, જ્યોતિ, ઈશિકા ચૌધરી, સુશીલા ચાનુ અને વૈષ્ણવી વિઠ્ઠલ ફાળકેના હાથમાં રહેશે. સુકાની ટેટે સિવાય નેહા, શર્મિલા દેવી, મનીષા ચૌહાણ, સુનેલિતા ટોપ્પો અને લાલરેમસિયામી મિડફિલ્ડની જવાબદારી સંભાળશે.

જંતુઓના કારણે ટૂર્નામેન્ટની તમામ મેચો હવે સાંજના બદલે બપોરે રમાશે

કિટકોના સંભવિત જોખમને ધ્યાને લઇને ટૂર્નામેન્ટની તમામ મેચો હવે સાંજના બદલે બપોરે રમાશે જેથી ફ્લડ લાઇટ હેઠળ જંતુઓના ટોળા દ્વારા સંભવિત દખલ ટાળી શકાય. સુધારેલા સમયપત્રક મુજબ, દિવસની પ્રથમ મેચ હવે 12.00 વાગ્યે થશે. 15 વાગ્યે, બીજી 2.30 વાગ્યે અને છેલ્લી 4.45 વાગ્યે રમાશે. અગાઉ આ મેચો બપોરે 3 કલાકે, 5.15 કલાકે અને સાંજે 7.30 કલાકે યોજાવાની હતી. સાંજે 4 વાગ્યે ભારતની મેચ. 45 વાગ્યાથી થશે.

એટલાન્ટા યુનાઇટેડે હરાવતા મેસીની ઇન્ટર મિયામી MLS પ્લેઓફમાંથી આઉટ

ફોર્ટ લોડરડેલ, તા. 10 : એટલાન્ટા યુનાઇટેડ એ સ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસીની ઇન્ટર મિયામી ટીમને એમએલએસ કપના પ્રારંભિક તબક્કામાં દૂર કરીને મોટો અપસેટ સર્જ્યો હતો. શનિવારે રાત્રે, જમાલ થિયરીના બે ગોલ અને 76મી મિનિટમાં બર્ટોઝ સ્લેઝના હેડરના આધારે એટલાન્ટાએ ઇન્ટર મિયામીને 3-2થી હરાવીને એમએલએસ કપ પ્લેઓફ પ્રથમ રાઉન્ડની બેસ્ટ-ઓફ-થ્રી મુકાબલો જીત્યો હતો. છેલ્લી મિનિટોમાં મેસીની બે ફ્રી કિક નિરર્થક ગઈ હતી. તેણે 65મી મિનિટે હેડર વડે બરાબરીનો ગોલ કરીને સ્કોર 2-2 કરી દીધો હતો. પરંતુ યજમાન ટીમ ક્યારેય લીડ લઈ શકી ન હતી. કાગળ પર આનાથી મોટો અપસેટ ન હોઈ શકે. ઇન્ટર મિયામીએ આ સિઝનમાં મેસીને વળતર તરીકે 20,446,667 ડોલર ચૂકવ્યા, જે એટલાન્ટાની સમગ્ર ટીમના પગાર 50 લાખ ડોલર કરતા વધુ છે.

શબ્દગુંફન - ૬૮૧૪

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. યાત્રા પરિભ્રમણ (૪)
૩. જમા નોંધ (૪)
૫. મનુષ્ય (૩)
૬. રાતની ચોકી માટે નીકળવું તે (૨)
૮. કદર કરનાર (૫)
૯. એક તેલી બી (૨)
૧૦. નાણું (૨)
૧૧. શરીરની ઊંચાઈ (૨)
૧૨. સાવ સહેલી વાત (૫)
૧૫. કેફ, ખુમારી (૨)
૧૬. સમય, કાળ (૩)
૧૭. લડવૈયો, શૂરવીર (૪)
૧૮. લોકમત (૪)
૨૦. ચોકીદાર (૪)
૨૪. નાના કાગળના ટુકડા (૪)
૨૬. બીક (૨)
૨૭. નાશ પામેલું (૨)
૨૮. કિંમત, મૂલ્ય (૨)

ઊભી ચાવી

૧. બાણનો ભાથો (૪)
૨. સહેજ ઇશારો કે સૂચના (૩)
૩. આદમી (૨)
૪. એક કિમતી પથ્થર (૨)
૫. અભિમાની (૨)
૭. રોકડું (૩)
૧૦. .... લખવાનું કે (૨)
૧૧. યોગ્ય કિંમત કરનાર (૫)
૧૨. ચેન ન પડવું તે (૪)
૧૩. અભિપ્રાય (૨)
૧૪. ઠીંગણું (૩)
૧૫. મોટું (૨)
૧૭. રાય, અભિપ્રાય (૨)
૧૮. પાણી, નીર (૨)
૧૯. પવન (૩)
૨૦. માલિસ કરવું તે (૩)
૨૧. રંગ, વર્ણ (૨)
૨૨. આદમી (૨)
૨૩. સોગન (૩)
૨૪. દુંખ, પીડા (૨)
૨૫. સુંદર સ્ત્રી (૨)



૯૧૮૩ - ૧૬૬૧ મ્ક્ર્ઁ૮૩૦૧૮

આજનું પંચાંગ

તા. 11/11/2024, સોમવાર

વિક્રમ સંવત : 2081 **શાકે :** 1946
વીર સંવત : 2551 **માસ :** કારતક
તિથિ: સુદ: દસમ: 18:48- ભખ્ય પંચક વ્રતારંભ
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : 20
નક્ષત્ર : શતભિષા: 9:41
યોગ: વ્યાઘાત **કરણ :** તૈતિલ
રાશિ : કુંભ (ગ,સ,શ,ષ) 26:22 પછી મીન (દ,ચ,થ,થ)
દિવસ : શુભ
સુરતમાં સૂર્યોદય : 04:48 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:57
નવકારસી : 07:36
પારસી વર્ષ : 1394 ખોરદાદ માસનો 29મો રોજ
મુસલમાન વર્ષ : 1446, જમાદીઉલ અવલ માસનો 08મો રોજ
દિવસનાં ચોઘડિયાં: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાં: ચલ, રોગ, કાળ, લાભ ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
રાહુ કાળ : સવારે: 07:30 થી 09:00 સુધી

મેષ (અ.લ.ઇ.): અચાનક લાભની તક મળે. ધર્મ-કર્મ થાય. નવા રોકાણથી લાભ થાય. ઉચ્ચ કક્ષાના લોકોની મુલાકાત.

વૃષભ (બ.વ.ઉ.): પિતાનો સાથ મળે. નવી આર્થિક યોજના બને. કામકાજની રીતમાં ફેરફારથી રાહત થાય.

મિથુન (ક.છ.ઘ.): કામકાજમાં અવરોધ પેદા થઈ શકે છે. અચાનક સફળતા મળે. શુભ સમાચાર મળે.

કર્ક (ડ.હ.): કુટુંબ પરિવારનો વડીલોના આરોગ્યની ચિંતા ખર્ચા વધશે. સરકારી કામમાં વિઘ્ન આવે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ.ટ.): જીવનસાથીનો સાથ મળે. રોજના કામની યોજના બને. આવકમાં વધારો થાય.

કન્યા (પ.ઠ.ણ.): નોકરીમાં પ્રભાવ વધે. બીજાને મદદ રૂપ બનશો. સરકારી કામમાં મદદ મળે.

તુલા (ર.ત.): બૌદ્ધિક કામ પાર પડે. શિક્ષણ પ્રવાસ શેર બજાર, મોજશોખના કામમાં પ્રગતિ થાય.

વૃશ્ચિક (ન.ય.): કુટુંબ-પરિવારમાં ઉત્સાહજનક વાતાવરણ રહે. શુભ સમાચાર મળે.

ધન (ભ.ધ.ફ.ઢ.): મિત્રોને મદદરૂપ બનશો. આગળ કરેલી મહેનતનું ફળ મળે. પ્રવાસમાં સાવધાન રહેવું.

મકર (ખ.જ.): આર્થિક બાબતે યોક્કસ બનશો. સંતાનોના કામમાં મદદ મળે. ઉઘરાણી આવી શકે છે.

કુંભ (ગ.સ.શ.ષ.): પરદેશથી શુભ સમાચાર મળે. આત્મવિશ્વાસ વધે. તેવો કામ પાર પડશે.

મીન (દ.ચ.ઝ.થ.): પડવા-વાગવાથી સાવધાન રહેવું. પ્રવાસમાં કોઈની વાતોમાં આવવું નહી.

કોઇ પણ સાલમાં 11 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક રહેશે. માતા-પિતા તથા કુટુંબની અપેક્ષાઓ સંતોષવાનો આનંદ મળશે. નોકરીમાં નવા ફેરફાર અને ટેકનોલોજીથી લાભ થાય. સમાજ જીવનમાં યસ મળે. વારસા, જાયદાત, જમીનનો કામમાં કાયદાકીય મદદ મળે. વર્ષની શરૂઆતમાં નવાં નોકરી-ધંધા- વાહન, મકાન, ઘર બાબતે અનુકુળતા થશે. વડીલો મિત્રોની મદદ સંતાનોના કામમાં મળે. આર્થિક પ્રગતિ માટેની યોજનામાં વર્ષ દરમિયાન તક મળતી રહેશે. ઉમર લાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ કચેરીમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. તથા વિદેશનો કામ થાય અને વિદેશમાં વિદ્યાભ્યાસની યોજના પાર પડે. આરોગ્ય સામાન્ય રહે. આર્થિક પ્રગતિથી નવા રોકાણ થાય. ઉઘરાણી આવવાથી રાહત થાય. ધર્મ-કર્મ-યાત્રા-પ્રવાસથી શાંતિ મળે. જૂન-જુલાઈમાં ભાગ્યનો સાથ મળે. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં નવાં ફેરફારથી કામનો બોજ અને અશાંતિ વધશે.